

ગુજરાતી ફિલ્મ 'ધરપકડ'ના પ્રમોશન માટે સુરત આવેલ સિનેસ્ટાર્સ ગુજરાતમિત્રની મુલાકાતે આવ્યા હતા. એ નિમિત્તે લોકપ્રિય અભિનેતા મલ્હાર ઠાકર, ફિલ્મ 'લાલો'માં કૃષ્ણનો રોલ કરીને અપાર લોકચાહના મેળવનાર શ્રુહદ ગોસ્વામી તેમજ દિગ્દર્શક અનિશ શાહે ગુજરાતમિત્ર સાથે મન મૂકીને વાતો કરી હતી.

# શું મલ્હાર ઠાકર ભવિષ્યમાં મુખ્યમંત્રી બનશે?

**હવે સમય પણ બહુ બદલાઈ ગયો છે. જયશંકર સુંદરી વિષે જૂની જનરેશન જાણે છે, પણ યુવા પેઢીને એ વિષે કશું ખબર નથી. એટલે એ કનેક્ટ ના થઇ શકે એ ય ખરું**

**તમે પોતે ફૂડલવર છો અને વર્ષોથી સુરત આવતા રહો છો. સુરતમાં શું ભાવે?**
લોચો, રસાવાળા ખમણ, ખાવસા, ઘારી, કોકો બધું જ! પહેલા જ્યારે સુરત ગુજરાતી ફિલ્મ, શો અને નાટકો કરવા આવતો ત્યારે મેં સ્ટ્રીટ ફૂડ બહુ માણ્યું છે. સુરતનું જમણ દિવસે ને દિવસે ગ્રો કરતું જાય છે, અહીંના રેસ્ટોરાં, કેફે વગેરે જોઈ અને સુરતના જમણની વાતો કરી બહુ એડવેન્ચર ફીલ થાય છે.

**થિયેટરથી સફર શરુ કરીને ફિલ્મો સુધી પહોંચ્યા. હવે ફરી થિયેટર કરવાની ઈચ્છા થાય છે?**
નાટક તો જૂનો પ્રેમ છે, એ તો યાદ આવે જ. પહેલા નાટકો કરતો ત્યારે ત્રણ મહિના રિહર્સલ કરી થિયેટરમાં સરસ પર્ફોર્મન્સ આપતા. થિયેટર અને ફિલ્મ, બંનેની ભાષા પહેલા કરતા ઘણી બદલાઈ ગઈ છે. નાટક કરવું એ બહુ સમય અને મહેનત માગી લે એવું કામ છે. એટલો સમય ન ફાળવી શકવાની મર્યાદા નડે છે. પરંતુ આવનારા સમયમાં નાટક કરવા પૂરી કોશિશ કરી રહ્યો છું.

શો-શા

**ગુજરાતી સાહિત્યમાં અનેક જીવન ચરિત્રો છે. ગુજરાતી ફિલ્મોમાં બાયોપિક ક્યારે આવશે?**
સાચું કહું તો નાટ્યકાર જયશંકર સુંદરી પર મેં બહુ રિસર્ચ કર્યું, એમના ફેમિલી મેમ્બર્સને પણ મળ્યો. અમે 'સુંદરી' તરીકે ટાઇટલ પણ રજિસ્ટર્ડ કર્યું છે. પણ એમના એટલા બધા વંશજો છે કે રાઈટ્સ મેળવવાનું કામ દુષ્કર બની ગયું છે. બીજું કે હવે સમય પણ બહુ બદલાઈ ગયો છે. જયશંકર સુંદરી વિષે જૂની જનરેશન જાણે છે, પણ યુવા પેઢીને એ વિષે કશું ખબર નથી. એટલે એ કનેક્ટ ના થઇ શકે એ ય ખરું. તેમ છતાં આ દિશામાં કશુંક કરવાનો પ્રયત્ન ચાલુ છે.

**તામિલનાડુમાં સુપરસ્ટાર વિજય મુખ્યમંત્રી બને એવી શક્યતાઓ છે. દક્ષિણની માફક ગુજરાતી ફિલ્મસ્ટાર્સની લોકપ્રિયતા પણ વધી રહી છે. ત્યારે અહીં પણ કોઈ મલ્હાર ઠાકર ભવિષ્યમાં ચીફ મિનિસ્ટર બનશે?**
ના ભાઈ ના! અમારે તો ફિલ્મોના પોલિટિક્સ જ નથી પતતા.. આગળના પોલિટિક્સ તો ખબર નથી. પોલિટિકલ ઝોનમાં આવવું એ બધું બહુ સમય માગી લે છે, તો ફિલહાલ તો એવો કોઈ પ્લાન નથી. પણ હું એટલું જરૂર કહીશ કે પોલિટિક્સમાં લોકોને બહુ મજા આવે છે. આપણે ઊભા હોય ને લાખો લોકોની મેદની ભેગી થાય એવી ઇચ્છા ખરી, પરંતુ આ પહેલા એક કલાકાર તરીકે હાસિલ કરવું છે. પછી આગળ જોઇશું.

## શ્રુહદ ગોસ્વામી



### 'લાલો'માં કૃષ્ણનો રોલ ભજવ્યા પછી કેવી અનુભૂતિ થઈ?

સાચું કહું તો ફિલ્મ શૂટિંગ વખતે આપોઆપ બધું થતું ગયું. કોઈ ખાસ અનુભૂતિ નહોતી. પણ જ્યારે ફિલ્મ જોઈ ત્યારે ખ્યાલ આવ્યો કે અનાયાસે કશુંક એવું થઇ ગયું છે, જે મારા ગજા કરતા વધુ છે. પ્રેક્ષકોના જે પ્રતિભાવ આવ્યા, એ તો વર્ણન ન થઇ શકે એવા અદભૂત હતા. ફિલ્મના શૂટ વખતે જે કશુંક અનાયાસે શીખ્યું, એ હવે જીવનભર મારી સાથે રહેશે.

**કૃષ્ણનો રોલ કરતી વખતે તમે કેવી તૈયારીઓ કરેલી?**
ઘણાને સાંભળ્યા, ઘણું વાંચ્યું. પણ પછી અંદરનો અવાજ સાંભળ્યો. દરેક પાસે ભગવાનની એક પોતીકી ઈમેજ હોય છે. મારા મનમાં જે ઈમેજ હતી, એ મુજબના કૃષ્ણ મેં રજૂ કર્યા.

**અભિનેતાએ ભજવેલ માઈથોલોજીકલ કેરેક્ટર ક્લિક થઇ જાય, તો પછી એ પાત્રની ઈમેજમાંથી બહાર નીકળવું મુશ્કેલ હોય છે. તમે કૃષ્ણની ઈમેજથી હટીને કશુંક કરી શકશો?**
ત્રણ-ચાર વર્ષ સુધી સતત એક જ પાત્ર ભજવ્યું હોય તો એવું થાય ખરું. પણ મારું પાત્ર એક ફિલ્મ પૂરતું હતું, અને મને લાગે છે કે લોકો પણ ખાસ્સા સમજદાર હોય છે. હું એક એક્ટર છું, અને એક એક્ટર તરીકે લોકો મને બીજા પાત્રોમાં ય જરૂર સ્વીકારશે. હા, હું રોલની પસંદગી બાબતે સભાનતા જરૂર રાખીશ, પણ ડર નહિ રાખું.

## ડિરેક્ટર - અનિશ શાહ



### ફિલ્મ લાલો પછી ઈન્વેસ્ટરો મળી રહે છે?

**એક સમયે ગુજરાતી ફિલ્મો પાઘડાવાળા અને બળદગાડાવાળાની ફિલ્મો ગણાતી. અર્બન દર્શકો એની સાથે કનેક્ટ નહોતા થઈ શકતા. હવે આજે અર્બન મૂવીઝ અને નવા વિષયો સાથે ગામડાઓમાં વસતો બહોળો દર્શકવર્ગ કનેક્ટ થાય છે ખરો?**
શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે લાઈફસ્ટાઈલ અને ઈચ્છાઓમાં ભિન્નતા રહેવાની જ છે. એટલે ફિલ્મોમાં ય એની અસર તો દેખાય જ. પણ 'લાલો' જેવી ફિલ્મો ય બને જ છે, જે કોઈ પણ પ્રકારની સરહદમાં બંધાયા વિના તમામ જૂથના દર્શકોને આકર્ષતી હોય.

**ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રી રિલાયન્સ કે ઝી જેવા બીગ પ્લેયર્સને ક્યારે આકર્ષી શકશે?**
હજી લાલો જેવી વધુ એક-બે બ્લોકબસ્ટર ફિલ્મો આવે, તો મોટા ઇન્વેસ્ટર્સને ગુજરાતી ફિલ્મોમાં રસ પડે ખરો. ફિલ્મો નફો કરતી થાય તો જ બિઝનેસ માઈન્ડેડ લોકોને ઇન્વેસ્ટમેન્ટ માટે આકર્ષી શકે. કદાચ હજી એકાદ દાયકો લાગશે આવી પરિસ્થિતિ સર્જાવામાં.

RAPID FIRE



# શ્રધ્ધા કપૂર

## ડાન્સ કે એક્ટિંગ

### આમાંથી શું હાર્ડ છે?

- **ચા કે કોફી?**
  હું બંને પસંદ કરું છું.
- **હીલ્સ કે સ્નીકર્સ?**
  સ્નીકર્સ.
- **એક બ્યુટી પ્રોડક્ટ જેના વગર રહી ન શકે?**
  મોઇશ્ચરાઇઝર.
- **ડ્રીમ ટ્રાવેલ ડેસ્ટિનેશન કયું છે?**
  નોર્ધર્ન લાઇટ્સ.
- **કોઈ વ્યક્તિમાં સૌથી મોટો 'ગ્રીન ફ્લેગ' શું હોઈ શકે?**
  ઓથેન્ટિસિટી, તમે જેવા છો તેવા જ રહો.
- **એવોકાડો ટોસ્ટ કે મેપલ સિરપ સાથે પેનકેક્સ?**
  પહેલા એવોકાડો ટોસ્ટ અને પછી પેનકેક્સ!
- **કઇ વસ્તુ હંમેશા તારી બેગમાં રાખે છે?**
  અસેંશિયલ ઓઇલ.
- **ડાન્સ કે એક્ટિંગઃ આમાંથી શું હાર્ડ છે?**
  બંને!
- **સફળતાની તારી પોતાની વ્યાખ્યા શું છે?**
  આત્મવિશ્વાસ
- **ઇન્સ્ટા કે ટ્વિટર?**
  ઇન્સ્ટા.
- **શૂટિંગ સમય 'મસ્તીખોર' કો-સ્ટાર કોણ?**
  રણબીર કપૂર.

# ઈમરાન હાશ્મી: વિલન કે હીરો?

બોલિવૂડના 'સીરીયલ કિસર' તરીકે જાણીતા ઈમરાન હાશ્મી અત્યારે કંઈક એવું કરી રહ્યા છે જે સાંભળીને ફેન્સ ચોંકી ગયા છે. હવે તે ફક્ત રોમેન્ટિક હીરો નથી રહ્યા, પણ સાઉથની ફિલ્મોમાં 'ખતરનાક વિલન' અને 'સ્પાય એજન્ટ' બનીને ધૂમ મચાવી રહ્યા છે. તાજેતરની સૌથી મોટી ચર્ચા તેલુગુ ફિલ્મ 'Goodachari 2' (G2) ની છે, જેમાં ઈમરાન હાશ્મી એક દમદાર રોલમાં જોવા મળ્યો. ઈમરાનની ખાસિયત એ છે કે તેની ફિલ્મોના ગીતો હંમેશા સુપરહિટ હોય છે. 'મર્ડર', 'ઝહેર', 'ગેંગસ્ટર' અને 'જન્નત' જેવી ફિલ્મોએ તેને દરેક યુવાનનો ફેવરિટ બનાવી દીધો છે. જોકે, 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' અને 'શાંઘાઈ' જેવી ફિલ્મોમાં તેની એક્ટિંગ સ્કિલથી વિવેચકોને પણ ચોંકાવી દીધા હતા.

હવે ઈમરાન પોતાની ઈમેજ બદલી રહ્યા છે. 'ટાઈગર-3'માં સલમાન ખાન સામે ટક્કર લીધા પછી, હવે તે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પગ જમાવી રહ્યા છે. અદિવી શેષની સુપરહિટ ફિલ્મ 'ગૂઢાચારી'ની સીક્વલ G2 માં ઈમરાનનું હોવું એ હિન્દી અને તેલુગુ બંને દર્શકો માટે ખૂશીના ન્યૂઝ છે. G2 માં ઈમરાન હાશ્મી 'વિજય સક્સેના' નામના પાત્રમાં જોવા મળ્યો. આ ફિલ્મમાં તે માત્ર કેમિયો નથી કરી રહ્યા, પણ અદિવી શેષ (એજન્ટ ગોપી) ની સામે એક મજબૂત અને રહસ્યમયી પાત્ર ભજવી રહ્યા છે. ફિલ્મની વાર્તા ભારતની બહાર પર શૂટ થઈ છે, જે આ ફિલ્મને ગ્લોબલ સ્પાય થ્રિલર બનાવે છે. G2 ને અંદાજે 100 કરોડથી પણ વધુના બજેટમાં બનાવવામાં આવી છે. આ એક પેન-ઈન્ડિયા ફિલ્મ છે.

**G2 માં ઈમરાન હાશ્મી 'વિજય સક્સેના' નામના પાત્રમાં જોવા મળ્યો. આ ફિલ્મમાં તે માત્ર કેમિયો નથી કરી રહ્યા, પણ અદિવી શેષ (એજન્ટ ગોપી) ની સામે એક મજબૂત અને રહસ્યમયી પાત્ર ભજવી રહ્યા છે. ફિલ્મની વાર્તા ભારતની બહાર પર શૂટ થઈ છે, જે આ ફિલ્મને ગ્લોબલ સ્પાય થ્રિલર બનાવે છે**

એક્ટર્સ લાઈફ



ઈમરાન હાશ્મીએ પોતે સોશિયલ મીડિયા પર કહ્યું છે કે, 'આ મારો અત્યાર સુધીનો સૌથી ચેલેન્જિંગ અને એક્શનથી ભરપૂર રોલ છે.'

ઈમરાન હાશ્મી અમદાવાદની મુલાકાતે પણ આવ્યા હતા. રિવરફ્રન્ટ પર શૂટિંગ અને ગુજરાતી ખાણીપીણીના વખાણ કરીને તેમણે ગુજરાતીઓના દિલ જીતી લીધા હતા. ઈમરાન માટે વર્ષ 2026 ખૂબ જ વ્યસ્ત રહેવાનું છે કારણ કે G2 ઉપરાંત તેની પાસે 'ગનમાસ્ટર G9' અને કલ્ટ ક્લાસિક ફિલ્મની સીક્વલ 'આવારાપન 2' પણ પાઈપલાઈનમાં છે. ઈમરાન હાશ્મી હવે બોલિવુડના એવા કલાકાર બની ગયા છે જે હીરો તરીકે જેટલા ગમે છે, તેનાથી વધુ વિલન તરીકે ખતરનાક લાગે છે!

'પઠાણ' કે 'ટાઈગર' જેવી સ્પાય ફિલ્મો ગમતી હોય, તો G2 તમારી લિસ્ટમાં હોવી જ જોઈએ. અદિવી શેષનું શાર્પ માઈન્ડ અને ઈમરાન હાશ્મીનો ક્લાસી અંદાજ પડદા પર ટકરાયો છે, ત્યારે સિનેમાઘરોમાં સીટીઓનો શોર ચારે બાજુ સંભળાય રહ્યો છે. •